Financial Express (Guj.)

EDII

September 3, 2022
Pg. 17

# ઇડીઆઇઆઇ ૧૦,૦૦૦ મહિલાઓ પ્રેરિત ગ્રીન બિઝનેસનું સર્જન કરશે

પીટીઆઇ
નવી દિલ્હી, તા. ૨

આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયા (ઇડીઆઇઆઇ)એ શુક્રવારે જાહેરાત કરી હતી કે, ૧,૦૦૦ દિવસમાં દેશના ૧૦૦ જિલ્લાઓમાં ૧૦,૦૦૦ મહિલાઓ પ્રેરિત ગ્રીન બિઝનેસનું સર્જ કરવા માટે તે કોર્પોરેટ જૂથો સાથે હાથ મીલાવશે. ઇડીઆઇઆઇ એ સરકાર દ્વારા માન્યતાપ્રાપ્ત સેન્ટર ઓફ એક્સેલન્સ છે. આ સંસ્થા સરકારી મંત્રાલયો, વિભાગો તથા ભારતીય કોર્પોરેટ જગત સાથે સહકાર સ્થાપીને સમુદાયોના સમાવેશક વિકાસને લક્ષ્યમાં રાખીને વિકાસલક્ષી પ્રોજેક્ટ્સના અમલીકરણ માટે કામ કરે છે. ઇડીઆઇઆઇના ડિરેક્ટર જનરલ સુનીલ શુક્લાએ કહ્યું હતું કે, સંસ્થા કારીગરો, વણાટકામના કસબીઓ, મહિલા સ્ટાર્ટઅપ સ્થાપકો તથા બેરોજગારોને સફળતાપૂર્વક ઉદ્યોગસાહસિકતા અને કૌશલ્ય વર્ધનની તાલીમ ઓફર કરે છે.